જીવના મૃત

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવના મૃત

G65I

મુકુલભાઈ કલાર્થી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल काँगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या ७७ ग / ६०

पंजिका संख्या ३२,८८८

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

32,226

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ ૧૧૧

જીવનામૃત

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

મુકુલભાઈ કલાર્થી

अन्तर मम विकसित करो, अन्तरतर हे !
निर्मल करो, उज्ज्वल करो, सुन्दर करो हे !
— रवीन्द्रनाथ ठाकुर

પ્રકાશક તરફથી પ્રાપ્ત

C[illegible] 1973
Initial

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦



પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪ : મુંબઈ-૨

૪૫ ૩૬૦. CC-0. Public Domain. Gurukul Kangri Collection, Haridwar એપ્રિલ ૧૯૫૯

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

મનુષ્ય-જીવનનું અમૃત સેવા, સાધુતા, મધુરતા, કરુણા, પરોપકાર છે. આ ગુણો વડે મનુષ્ય આદિ કાળથી પોતાના સમાજને રહેવા જેવો કરતો રહ્યો છે; તો તેથી સમાજનું અને મનુષ્યનું જીવન ટકયું છે. શ્રી મુકુલભાઈએ, આ સિદ્ધાંત ધ્યાનમાં રાખીને, જ્યાં જ્યાં આવા જીવનામૃતનો અંશ જોયો, ત્યાં ત્યાંથી તેને વીણી લઈને, મધમાખી પેઠે, આ પુસ્તિકામાં એકઠો કરી આપ્યો છે. તેને માટે નાનાં મોટાં સૌ એમનો આભાર માનશે.

આ કથાનકોમાંથી કેટલાંક 'લોકજીવન'માં છૂટક છૂટક પ્રસિદ્ધ થઈ ચૂકયાં છે. હવે તે સમાજશિક્ષણ વાચનમાળાના એક મણકા તરીકે બહાર પડે છે, તેથી પુસ્તક રૂપે વાચકોને મળે છે, એ તેમને ગમશે એવી આશા છે.

૨૦-૪-'૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૩

જીવનામૃત

૧. લાગવગ અને ફરજ ૫
૨. ઉદાર દૃષ્ટિ ૯
૩. કર્તવ્ય ૧૦
૪. નિષ્ઠાનું બળ ૧૧
૫. મિત્રની કસોટી ૧૨
૬. ઇસ્લામ એટલે શું ? ૧૫
૭. માતૃભક્તનો પ્રભાવ ૧૫
૮. માણસની આવરદા ૧૭
૯. સંતની મહત્તા ૨૧
૧૦. નિંદા ૨૨
૧૧. જીવનમાં વિજ્ઞાનનું સ્થાન ૨૩
૧૨. આસ્તિકતા ૨૪
૧૩. ખરું મૂલ્ય ૨૫
૧૪. નાની વસ્તુનું મહત્ત્વ ૨૭
૧૫. ઉપકારનું પરિણામ ૨૮
૧૬. નિર્લેપતા ૩૧
૧૭. ઉપકારનો બદલો ૩૩
૧૮. પુત્રને શિખામણ ૩૫
૧૯. વિવેકપૂર્ણ વર્તન ૩૬
૨૦. નિરાધારનો આધાર ૩૮
૨૧. મોટા માણસનું જીવન ૪૦
૨૨. જીવનનું ખમીર ૪૧
૨૩. મૃત્યુંજય ૪૩
૨૪. જીવનનો અંતિમ અંજામ ૪૭
૨૫. જ્ઞાનની મહત્તા ૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

લાગવગ અને ફરજ

સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા હોય છે કે, રાજ્યમાં જે પક્ષ બહુમતીમાં હોય તે પક્ષના લોકોને જ રાજ્યની મુખ્ય મુખ્ય જગ્યાએ નીમવામાં આવે છે. એટલે એ પક્ષના કેટલાક લોકો એવી આશાએ એ જગ્યા મેળવવા માટે સદા ઈંતેજાર રહે છે.

અમેરિકામાં જ્યારે એબ્રાહમ લિંકન પ્રમુખપદે

આવ્યા, ત્યારે એમના પક્ષના કેટલાક લોકોને પણ એવું જ લાગ્યું કે, હવે આપણી નિમણૂક રાજ્યના જવાબદાર હોદ્દા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જરૂર થશે. તેથી એવા કેટલાક લોકો એબ્રાહમ લિંકન પાસે જઈને આડકતરી રીતે એ અંગેની વાત કરવા લાગ્યા.

એબ્રાહમ લિંકન તરત જ એ લોકોની વાતનો મર્મ પારખી ગયા. લિંકનની ખ્યાતિ સારા વાર્તાકાર તરીકેની પણ છે. પોતાના ભાષણમાં ટુચકાઓનો કે નાની નાની વાર્તાઓનો તે છૂટથી ઉપયોગ કરતા. આ વખતે પણ લિંકને પોતાના પક્ષના એ મિત્રોને સંબોધીને કહ્યું : "મારા દોસ્તો, તમે શું કહેવા માગો છો એ મને સમજાયું તો છે. પણ તમને એક વાર્તા કહું છું એ સાંભળો.

"એક વાર એક રાજા ફરવા નીકળ્યો. બહાર જતાં પહેલાં તેણે પોતાના પ્રધાનને કહ્યું : 'હું બહાર ફરવા જાઉં છું. પણ અધવચ્ચે વરસાદ તો નહીં પડે ને?'

"પ્રધાને કહ્યું : 'રાજાજી, વરસાદ પડે એવું લાગતું નથી.'

"એટલે રાજા છત્રી વગેરે કશું લીધા વિના જ ફરવા નીકળી પડ્યો. જતાં જતાં રસ્તામાં એક ખેતર આવ્યું. ત્યાં એક ઘરડો ખેડૂત ઝાડ તળે બેઠો હતો. નજીકમાં એક ગધેડો ચરતો હતો. રાજાએ એ ખેડૂતને પૂછ્યું : 'આજે વરસાદ પડશે એવું લાગે છે કે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ખેડૂતે કહ્યું : 'અડધોએક કલાકમાં જ વરસાદ પડશે, એવું ચોક્કસ લાગે છે.'

"પછી રાજા જરા આગળ ગયો. અડધોએક કલાક થવા આવ્યો, ત્યાં તો ઝરમર ઝરમર વરસાદ પડવા માંડ્યો!

"રાજા પાસે કશું સાધન ન હોવાને કારણે તે પલળતો પલળતો પાછો ફર્યો.

"મહેલમાં જઈને તેણે તરત જ પ્રધાનને બોલાવ્યો અને ગુસ્સામાં આવી જઈને કહ્યું : 'તમે પ્રધાનપદને માટે જરા પણ લાયક નથી. તમે વરસાદ પડશે કે કેમ, એટલુંયે નહિ કહી શકો; તો પછી રાજ્યની આટલી મોટી જવાબદારી શી રીતે સંભાળતા હશો? તમારા કરતાં તો પેલો ખેડૂત વધારે લાયક માણસ છે. તેણે મને વરસાદ વિષે બરોબર માહિતી આપી. માટે હું એને તમારી જગ્યાએ નીમું છું.'

"રાજાએ પછી પેલા ઘરડા ખેડૂતને બોલાવીને કહ્યું : 'તેં વરસાદ કચારે પડશે એની ચોક્કસ માહિતી આપી હતી. માટે તારી આવી પારખવાની શક્તિ જોઈને હું તને મારા રાજ્યનો પ્રધાન બનાવું છું.'

"પેલા ભલા ખેડૂતે કહ્યું : 'રાજાજી, વરસાદ પારખવાની મારામાં શક્તિ કચાંથી હોય? એ તો મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગધેડા ઉપરથી હું સમજી શકચો હતો. જ્યારે વરસાદ પડવાનો હોય, ત્યારે ગધેડું પોતાના કાન નીચા વાળી દે છે. મારા ગધેડાના કાન નીચા નમેલા જોઈને મેં આપને કહ્યું હતું કે, અડધાએક કલાકમાં ચોક્કસ વરસાદ પડશે.'

"બેડૂતની વાત સાંભળીને રાજાએ કહ્યું: 'તો પછી તારો ગધેડો પ્રધાનપદને માટે વધારે લાયક છે. તેથી હું એને પ્રધાન બનાવું છું.'"

વાર્તા પૂરી થઈ, એટલે અબ્રાહમ લિંકન જરા થોભી જઈને બોલ્યા: "મિત્રો, હું આ રાજા જેવો મૂરખનો સરદાર નથી કે, મારા મનસ્વીપણા પ્રમાણે જેને તેને રાજ્યની જવાબદાર જગ્યાએ નીમી દઉં. મારે પણ મારી ફરજ સમજવી જોઈએને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ઉદાર દૃષ્ટિ

જૂના જમાનાની આ વાત છે. ગ્રીસ દેશમાં સ્પાર્ટા રાજ્યમાં પિડાર્ટસ નામનો એક જુવાન રહેતો હતો. તે ભણીગણીને મોટો વિદ્વાન બન્યો હતો.

એક વાર એને ખબર મળી કે, રાજ્યમાં ત્રણસો જગ્યા ખાલી છે. તે નોકરીની શોધમાં જ હતો. એટલે તેણે તરત જ અરજી કરી.

પરંતુ પરિણામ જાહેર થતાં જણાયું કે, પિડાર્ટસને નોકરી માટે પસંદ કરવામાં નહોતો આવ્યો!

આ સમાચાર જાણીને તેના મિત્રોને લાગ્યું કે, આથી પિડાર્ટસ બહુ દુઃખી થયો હશે. તેથી તેઓ બધા મળીને તેને આશ્વાસન આપવા ગયા.

પિડાર્ટસ મિત્રોની વાત સાંભળીને હસતો હસતો બોલ્યો: "મિત્રો, એમાં દુઃખી થવા જેવું શું છે? મને તો એ વાત જાણીને આનંદ થયો કે, આપણા રાજ્યમાં મારા કરતાં પણ વધારે લાયક ત્રણસો માણસો છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

કર્તવ્ય

ઈ. સ. ૧૮૭૬ની સાલમાં કલકત્તામાં 'ભારત સભા' નામની એક જાહેર સંસ્થાનું ઉદ્‌ઘાટન બંગાળના જાણીતા નેતા શ્રી સુરેન્દ્રનાથ બૅનરજીને હાથે થવાનું હતું. બધી વ્યવસ્થા થઈ ગઈ હતી. લોકો પણ શ્રી સુરેન્દ્રનાથ બૅનરજીને સાંભળવા ઈતેજાર હતા.

પરંતુ તે જ દિવસે શ્રી સુરેન્દ્રનાથના એકના એક પુત્રનું અવસાન થયું! પુત્રના અવસાનથી પિતાની સ્થિતિ કરુણાજનક થઈ ગઈ.

આ દુઃખદ સમાચારની લોકોને ખબર પડી, ત્યારે તેમને થયું કે, ઉદ્‌ઘાટન-વિધિનો સમારંભ મુલતવી રહેશે.

પરંતુ શ્રી સુરેન્દ્રનાથ તો ઉદ્‌ઘાટન-વિધિના સમયે બરોબર હાજર થઈ ગયા અને દેશની ગરીબીનો હૃદયદ્રાવક ચિતાર રજૂ કરીને આવી સંસ્થાઓની કેટલી બધી અગત્યતા છે એ બધું લોકોને તેમણે ખૂબ સ્વસ્થતાથી પોતાના વ્યાખ્યાન દ્વારા સમજાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

નિષ્ઠાનું બળ

ઉત્તમચંદ ગાંધી અથવા ઓતા ગાંધી એ મહાત્મા ગાંધીજીના દાદા થાય. તેઓ પોરબંદર રાજ્યના દીવાન હતા. પરંતુ ત્યાંના રાજ્યમાં બહુ ખટપટ ચાલતી હોવાને કારણે તેમણે પોરબંદર છોડ્યું અને કુતિયાણા આવી પોતાનું જીવન શાંતિ અને ભક્તિમાં પસાર કરવા માંડ્યું.

કુતિયાણા એ જૂનાગઢ રાજ્યમાં હતું. એટલે જૂનાગઢના નવાબે એક વાર ઓતાબાપાને પોતાને ત્યાં નોતર્યા.

ઓતાબાપા જૂનાગઢ ગયા; પણ નવાબને હાથે હાથે સલામ કરી.

આ તો નવાબનું અપમાન જ ગણાય. કોઈએ બાપાને આ દેખાતા અવિનયનું કારણ પૂછ્યું.

ઓતાબાપા સ્વસ્થપણે બોલ્યા : "જમણો હાથ તો પોરબંદરને દેવાઈ ચૂક્યો છે."

નવાબ સમજદાર હતા. તેમણે ભરદરબારમાં બાપાનાં વખાણ કર્યાં અને બક્ષિસ રૂપે બાપાને, અને તેમના વારસોને પેઢી દર પેઢી કુતિયાણામાં વગર જકાતે દુકાન ચલાવવાનો રુક્કો લખી આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

મિત્રની કસોટી

દમાસ્કસ શહેરમાં મુસ્તફા નામનો એક પૈસાદાર વેપારી રહેતો હતો. તેને સૈયદ નામનો એક દીકરો હતો. મુસ્તફા સૈયદને વેપારરોજગારમાં હોશિયાર બનાવવા પ્રયત્ન કરતો હતો. પણ સૈયદને એક ખરાબ માણસ સાથે દોસ્તી હતી અને એ માણસના કહ્યા પ્રમાણે જ તે વર્તતો હતો.

મુસ્તફાને આ જોઈને દુઃખ થતું. જો આવું ને આવું ચાલશે, તો પોતે નહીં હોય ત્યારે એ દોસ્તદારની સોબતમાં સૈયદ પૈસાની બરબાદી કરી મૂકશે, એવી ચિંતા એને સતાવવા લાગી.

એક દિવસે તેણે એક યુક્તિ રચી. તેણે સૈયદને બોલાવીને કહ્યું : "બેટા સૈયદ, આપણે બંનેને થોડા દિવસ સારુ વેપાર અંગે બગદાદ જવું પડશે. દમાસ્કસમાં ચોરોનો ત્રાસ ખૂબ જ છે. માટે કીમતી દાગીનાની આપણી પેટી આપણે કોને સોંપીને જઈએ?"

સૈયદ બોલ્યો : "મારા દોસ્ત જેવો ઈમાનદાર માણસ દમાસ્કસમાં બીજો કોઈ નથી. માટે તમે એ પેટી એમને સોંપશો તો કશો વાંધો નથી. પેટી બંધ હશે, એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી બીજી ચિંતા પણ શી રાખવાની હોય? અને મારો મિત્ર છાની રીતે કશી ગોલમાલ કરે એવો નથી. મને એનામાં પૂરેપૂરો ભરોસો છે. માટે બાબાજાન, તમે કોઈ વાતની ફિકર કર્યા વિના મને એ પેટી આપો. હું મારા મિત્રને ત્યાં મૂકી આવું."

મુસ્તફાએ કહ્યું: "તારી વાતમાં મને ભરોસો છે. ભલે તું એ પેટી તારા દોસ્તને સોંપી આવ."

એ પ્રમાણે થયું, એટલે બાપદીકરો બગદાદ ગયા. ત્યાં થોડા દિવસ રહીને વેપારનું થોડુંઘણું પતાવીને તેઓ પાછા ઘેર આવ્યા.

ઘેર આવી મુસ્તફાએ કહ્યું: "બેટા, તું જઈને આપણી પેટી તારા મિત્રને ત્યાંથી લઈ આવ."

પરંતુ થોડી જ વારમાં સૈયદ ધૂંવાંપૂંવાં થતો આવ્યો અને ગુસ્સામાં મુસ્તફાને કહેવા લાગ્યો: "તમે મારા દોસ્તનું ભારે અપમાન કર્યું છે! તમે એ પેટીમાં કીમતી દાગીના વગેરે મૂકવાને બદલે પથરા ભર્યા હતા, એવું તે મને કહે છે. આ રીતે એનું અપમાન કરીને મારું જ અપમાન તમે કર્યું છે."

મુસ્તફાએ ધીરજથી કહ્યું: "પરંતુ તારા દોસ્તને એ શાથી ખબર પડી ગઈ કે, પેટીમાં પથરા ભરેલા હતા? તું જાણે તો છે જ કે, પેટીને ત્રણ તાળાં મારેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. એની મતલબ તો એ જ થઈ કે, તારા મિત્રે એ તાળાં યુક્તિથી ખોલીને આપણને કહ્યા વિના પેટી ઉઘાડી હતી અને પછી પાછાં તાળાં વાસી દીધાં હતાં! સારું થયું કે, મેં એ પેટીમાં કીમતી દાગીના મૂકવાને બદલે પથરા મૂકચા હતા. નહીં તો તારો એ ભરોસા-પાત્ર દોસ્ત એનું શુંનું શું કરી નાખત. બોલ, મેં જે કર્યું એ બરોબર જ હતું ને?"

સૈયદ બાપડો શું બોલે? તે માથું નીચું ઢાળીને બોલ્યો: "બાબાજાન, મારાથી ભારે ભૂલ થઈ ગઈ છે. આજ લગી હું આવા દોસ્તો ઉપર ભરોસો રાખીને ચાલતો હતો. હવે એવા લોકોની દોસ્તી હું કદી નહીં કરું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસ્લામ એટલે શું?

એક વાર હજરત મહંમદ પેગંબર સાહેબને એક ભાઈએ સવાલ પૂછ્યો: "હજરત સાહેબ, ઇસ્લામ એટલે શું?"

પેગંબર સાહેબ બોલ્યા: "જીભને પવિત્ર રાખવી અને મહેમાનની ખાતર-બરદાસ કરવી તે."

૭

માતૃભક્તનો પ્રભાવ

ચીન દેશમાં હો લીન નામનો એક જુવાન થઈ ગયો. તે પોતાની માનો પરમ ભક્ત હતો. વૃદ્ધ માની તે ભક્તિભાવથી સેવાચાકરી કરતો હતો. માને કઈ વસ્તુની કચારે જરૂર પડશે એની તે ખૂબ તકેદારી રાખતો હતો.

એક વાર તેના ઘરમાં ચોર દાખલ થયો. જે ઓરડામાં હો લીન સૂતો હતો, એ ઓરડામાં ચોર આવતાં જ હો લીન જાગી ગયો. પણ ચોર બળવાન હોવાથી તેણે હો લીનને એક થાંભલા સાથે મુશ્કેટાટ બાંધી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુના જ ઓરડામાં મા સૂતી હતી. આ બધી ધમાલથી તે જાગી ન જાય એ માટે હેા લીન શાંત જ રહ્યો.

ચોરે એ ઓરડામાં પડેલી એક પેટી ઉઘાડી અને અંદરનો સામાન તે કાઢવા લાગ્યેા. હેા લીનનો રેશમી ડગલેા તેણે કાઢ્યો અને એક પછેડી પાથરીને એના પર મૂક્યો. એમ એક પછી એક સામાન તે કાઢી કાઢીને મૂકવા લાગ્યેા. હેા લીન એ બધું ચૂપ રહીને જોઈ રહ્યો હતેા.

એવામાં ચોરે પેટીમાંથી તાંબાની એક તાંસળી બહાર કાઢી.

એ જોઈને હેા લીન ગળગળેા થઈ જઈ બેાલ્યેા : "ભાઈસાહેબ, મહેરબાની કરીને એટલી તાંસળી મૂકતા જજો. મારી માને સવારે રાબ બનાવીને મારે આપવી પડશે. તાંસળી જો નહીં હશે, તેા મારી વૃદ્ધ માને રાબ વિના રહેવું પડશે."

આ સાંભળતાં જ ચોરના હાથમાંથી તાંસળી સરી પડી. તે ગળગળેા થઈ જઈને બેાલ્યેા : "મારા પ્યારા દોસ્ત, એ તાંસળી જ નહીં, પણ તારેા બધેા જ સામાન અહીં મૂકીને હું જાઉં છું. તારા જેવા માતૃભક્તને ત્યાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તલભાર પણ કંઈ લઈ જાઉં, તો મારું સત્યાનાશ જ થઈ જાય. મને તારે ત્યાંનું કશું ન ખપે."

એમ કહીને હેા લીનને બંધનમાંથી છોડીને એ ચેાર ધીમે પગલે ત્યાંથી ચાલ્યેા ગયેા.

૮

માણસની આવરદા

ઘણા જૂના વખતની આ વાત છે. ભગવાનનેા દરબાર ભરાયેા હતેા. ભગવાન બધાં પ્રાણીઓની આવરદા નક્કી કરવા બેઠા હતા.

એવામાં માણસ, ગધેડું, કૂતરેા અને ધુવડ એ ચારે જણ એકીસાથે ભગવાનની આગળ હાજર થયાં. ભગવાને એ ચારે જણને ચાળીસ ચાળીસ વર્ષની આવરદા આપી.

માણસને આથી મનમાં ઓછું આવ્યું : "હું સૌ પ્રાણીઓમાં ઉત્તમ ગણાઉં; છતાં મારી ઉંમર ગધેડાં, કૂતરાં, ધુવડ જેવાં તુચ્છ પ્રાણીના જેટલી જ ? ખરેખર, ભગવાનને ઘેર પણ આવું અંધેર જ છે ને !"

પણ તે વખતે એ કશું બેાલ્યેા નહીં. પરંતુ થેાડા વખત પછી ભગવાન પાસે તે ગયેા અને બેાલ્યેા : "ભગવાન, મારે આપની સમક્ષ એક ફરિયાદ નેાંધાવવી છે. આપે તે દિવસે મારી, ગધેડાની, કૂતરાની અને

૭ - CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધુવડની આવરદા એક સરખી આંકીને મનુષ્ય-પ્રાણીને બહુ ભારે અન્યાય કર્યો છે! શું અમારી તથા એ તુચ્છ પ્રાણીઓ વચ્ચે કશો ફરક જ નહીં? માટે આપને મારી નમ્ર અરજ છે કે, આપ આ વિષે શાંતિથી વિચારો."

ભગવાને કહ્યું: "ઠીક, તું થોડા વખત પછી પાછો આવજે. હું એ વિષે બનતું કરીશ."

માણસ ગયો; એટલે ભગવાને ગધેડાને, કૂતરાને અને ધુવડને વારાફરતી બોલાવીને પૂછ્યું: "માણસે આવીને એની ઉંમરની બાબતમાં ફરિયાદ નોંધાવી છે. તમારે પણ કશું કહેવું હોય તો કહો."

ત્રણે જણે એકસરખો જવાબ આપતાં કહ્યું: "ભગવાન, આપ તો સૌ પ્રાણી ઉપર સરખો ભાવ રાખનારા છો. આપ જે કરો તે બરોબર જ હોય. એટલે અમને અમારી ઉંમર સામે કશી ફરિયાદ નથી. અમારે આટલું બધું જીવીનેય કરવું છે શું? માટે અમારી આવરદામાંથી વીસ વર્ષ ઓછાં કરીને માણસની આવરદા વધારી આપશો તો અમને કશો વાંધો નથી. ભલે માણસ રાજી થાય!"

એટલે ભગવાને એ ત્રણે જણના જીવનમાંથી વીસ વીસ વર્ષ ઓછાં કરીને માણસની ઉંમરમાં સાઠ વર્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમેરી આપ્યાં અને એની આવરદા સો વર્ષની કરી આપી. માણસ રાજી થતો થતો પોતાને ઘેર ગયો.

ત્યારથી બન્યું એવું કે, માણસ પોતાની જિંદગીનાં શરૂઆતનાં ચાલીસ વર્ષ માણસની માફક જુસ્સામાં અને ઉત્સાહભેર પૂરાં કરે છે.

એ ચાળીસ વર્ષ પૂરાં થયા પછીનાં વીસ વર્ષ તેને ગધેડાની આવરદાનાં આવે છે. એ વીસ વરસ દરમ્યાન છોકરા-છોકરી, વહુઓ, પૌત્રપૌત્રીઓ એમ આખા સંસારનો ભાર તેને ગધેડાની માફક વહન કરવો પડે છે!

સાઠ વર્ષ પછી માણસને કૂતરાની આવરદામાંથી મળેલાં વીસ વર્ષ મળે છે. એ ગાળા દરમિયાન ઘરના બારણા પાસે જ તેનો ખાટલો ઢળાય છે; ઘરનાંને તેમ જ બહારનાંને તે આવતાં-જતાં જુએ છે અને કૂતરાની પેઠે ધૂરકચા કરે છે. એ સિવાય તેને જીવનમાં કાંઈ કરવાનું જ હોતું નથી!

અંસી વર્ષ પૂરાં થાય, એટલે માણસના નસીબમાં ઘુવડની આવરદાનાં વીસ વરસ લખાયેલાં છે; તેથી તે દિવસે ઘુવડની માફક ઉઘાડી આંખે પણ આંધળા જેવો બેસી રહે છે અને રાતે ઘુવડની માફક ઊંઘ્યા વિના જાગતો પડી રહે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વળી માણસમાં આ ત્રણ પ્રાણીના ગુણો આવ્યા પછી આ ત્રણ બાપડાં પ્રાણી પ્રત્યે એને જાણે અણગમો જ પેદા થયો છે. ગધેડા ઉપર ગજા ઉપરાંતનો ભાર લાદીને અને દંડાથી એને ફટકારીને પોતાની ગધેડાની જિંદગીનું વેર તે વાળે છે; કૂતરાને હડે હડે કરીને પોતાની કૂતરાની જિંદગીનું વેર તે વાળે છે; અને ઘુવડનું તો મોં જોવાનું પણ તેને ગમતું નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૭૬૭
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૩૨,૮૮૬

૯

સંતની મહત્તા

તુર્કસ્તાન અને ઈરાન વચ્ચે ઘણાં વર્ષોથી લડાઈ ચાલતી હતી. તુર્કસ્તાનને એક પછી એક હાર મળ્યે જતી હતી.

પરંતુ એક દિવસ સંજોગવશાત્ ઈરાનના જાણીતા સંતપુરુષ અત્તારીસાહેબ તુર્કોઓના હાથમાં આવી ગયા! તુર્કોઓ તો ઈરાનના લોકો પર ખારે ચડેલા હતા જ. એટલે તેઓ અત્તારીસાહેબને મારી નાખવા તૈયાર થયા.

આ વાતની ઈરાનના કેટલાક લોકોને ખબર પડી. તેથી એક ભલા ધનવાન પુરુષે અત્તારીસાહેબના વજન જેટલા હીરા આપવાની તૈયારી બતાવી અને સંત-પુરુષને છોડી દેવાની માગણી કરી. પરંતુ તુર્કોઓએ એ માન્યું નહીં.

ઈરાનના બાદશાહને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તે તરત જ જાતે તુર્કસ્તાનના સુલતાન પાસે હાજર થયા અને બોલ્યા: "મારા રાજ્ય માટે તમારી કેટલીય પેઢી અમારી સાથે લડતી આવી છે, છતાં તમે તે રાજ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવી શકચા નથી. પરંતુ એ રાજ્ય તમે અમારી પાસેથી લઈ લો અને અમારા અત્તારીસાહેબને અમને પાછા સોંપી દો. ધન નાશ પામનારું છે, રાજ્ય પણ નાશ પામનારું છે; પણ સંત સદા અમર છે. અત્તારી-સાહેબને ગુમાવીને ઈરાન કલંકિત થવા માગતું નથી."

૧૦

નિંદા

ગ્રીસ દેશના મહાન ફિલસૂફ એરિસ્ટોટલને એક મિત્રે આવીને એક માણસ વિષે વાત કરતાં કહ્યું : "એ માણસ તમારી ખૂબ નિંદા કરે છે અને તમને લોકોની નજરમાં હલકા પાડચા કરે છે!"

આ સાંભળીને એરિસ્ટોટલ બોલ્યા : "અરે, મારી ગેરહાજરીમાં એ ઇચ્છે તો મારું ખૂન પણ કરી શકે એમ છે! પીઠ પાછળ થતી નિંદાને બહુ મહત્ત્વ આપવું ન જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

જીવનમાં વિજ્ઞાનનું સ્થાન



ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરને એક ભાઈએ પૂછ્યું: "ગુરુદેવ, વિજ્ઞાનથી જગતનું કલ્યાણ થશે એવી શ્રદ્ધા આપને છે કે નહિ?"

ગુરુદેવ બોલ્યા: "વિજ્ઞાનથી આ દુનિયાનું કામ ચાલે; પણ આધ્યાત્મિક જ્ઞાનનું સ્થાન મુખ્ય છે, વિજ્ઞાનનું સ્થાન તો ગૌણ છે."

એ સાંભળીને પેલા ભાઈએ ફરીને પૂછ્યું: "વિજ્ઞાન જેવી આટલી મોટી ઉપયોગી વસ્તુનું આપ સન્માન ન કરો એ કેવું કહેવાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુદેવ એટલી જ સ્વસ્થતાથી બોલ્યા : "નોકરનું નોકર તરીકે સન્માન થાય, સ્વામી તરીકે નહિ. દાસ ભલે રાણીની ઉત્તમ સેવા કરે; તોપણ તેનું સ્થાન તો નોકરનું જ છે. તેને કંઈ રાજાને સ્થાને ન બેસાડાય. આપણો જીવાત્મા જો વિજ્ઞાનને ભગવાનનું સ્થાન આપી દે તો તે પોતાનું શીલ ગુમાવી બેસે."

૧૨

આસ્તિકતા

એક વાર દાદા ધર્માધિકારી વિનોબાજી પાસે જઈ ને કહેવા લાગ્યા : "ગાંધીજી કહે છે કે, જવાહરલાલજી આસ્તિક છે. કયા આધાર ઉપર તેઓ આમ કહેતા હશે?"

વિનોબાજી હસતા હસતા બોલ્યા : "તમને એ નહીં સમજાયું? અહીં સીતા-કૌશલ્યાની વાત લાગુ પડે છે. કૌશલ્યા મૈયા રોજ 'રામ, રામ'નું રટણ કર્યાં કરતાં હતાં. 'મારો દીકરો', 'મારો લાલ', એવાં સંબોધનથી તે તેમને બોલાવ્યા કરતાં હતાં. પરંતુ સીતાજી આ પ્રમાણે રામનું નામ કદી લેતાં ન હતાં. વનવાસની વેળાએ એક વાર ભીલડીઓએ પૂછ્યું હતું : 'આ શ્યામ શરીર-વાળો સુંદર જુવાન તમારા કોણ થાય છે? તેમનું નામ શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે?' સીતાજી તો છાનાંમાનાં ઊભાં જ રહ્યાં. માથું નીચું ઢાળીને જોઈ રહ્યાં. પરંતુ ભીલડીઓ તેમના ન બોલવામાં સમજી ગઈ કે, સીતાના એ પતિ થાય છે, તેમનું સર્વસ્વ છે."

પછી થોડી વાર થોભીને વિનોબાજીએ દાદા ધર્માધિકારીને પૂછ્યું : "હવે કંઈ સમજાયું કે? જીવનમાં — માનવતામાં શ્રદ્ધા એનું નામ જ આસ્તિકતા છે; એને માટે બોલવાની જરૂર નથી; મૌન રહીને પણ ચાલી શકે છે."

૧૩

ખરું મૂલ્ય

જૂના વખતની આ વાત છે. મીસર દેશના એક રાજા ઉપર દેવતા પ્રસન્ન થયા અને બોલ્યા : "આ તલવાર લે અને દુનિયા પર વિજય મેળવ."

રાજાએ કહ્યું : "ભગવાન, હું દુનિયા પર વિજય મેળવીને શું પામીશ?"

દેવતા બોલ્યા : "આ પારસમણિ લે અને ખૂબ ધન મેળવ."

રાજાએ કહ્યું : "ભગવાન, ધન મેળવીને હું શું પામીશ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવતાએ કહ્યું : "તો પછી આ સ્વર્ગની અપ્સરા તને આપું છું."

રાજાએ પૂછ્યું : "ભગવાન, એ અપ્સરાને મેળવીને હું કઈ સિદ્ધિ પામીશ?"

દેવતા કહે : "આ ફૂલનો છોડ લે. એ જ્યાં ઊગશે ત્યાં જડ-ચેતન, શત્રુ-મિત્ર કોઈને પણ એ પોતાની સુગંધિથી સુવાસિત કરશે."

રાજાએ વિચાર્યું કે, તલવારનું પાણી એક દિવસ ઊતરી જવાનું છે જ; ધનનો દુરુપયોગ થવાનો સંભવ છે; સ્ત્રીનું પણ રૂપ એક દિવસ નાશ પામવાનું છે; પરંતુ ફૂલની સુગન્ધથી દેવતા પણ સ્વર્ગથી ઊતરી આવીને ધરતી પર વાસ કરે છે."

એમ વિચારીને રાજાએ દેવતાને કહ્યું : "ભગવાન, મારે આ ફૂલનો છોડ જ જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

નાની વસ્તુનું મહત્ત્વ

શ્રીશારદા મા એ શ્રીરામકૃષ્ણ પરમહંસનાં ધર્મપત્ની થાય. એક વાર શ્રીશારદા મા ઓટલા ઉપર બેઠાં હતાં. એવામાં એક જણે આવીને સાવરણી ગમે ત્યાં નાખી દીધી.

માએ આ જોયું. એટલે મા એને કહેવા લાગ્યાં : "અલ્યા, આ તું શું કરે છે? કામ પતી ગયું, એટલે સાવરણી ઉપર અણગમો આવી ગયો? એને આમ ફેંકી દેવામાં જટલો વખત ગયો તેટલો જ વખત એને એને ઠેકાણે મૂકવામાં થાત. નાની વસ્તુ જાણીને શું તેને તુચ્છ ભાવે જોવાની? જને સાચવશો તે જ તમને સાચવશે. હજી તો એની જરૂર પડશે. વળી આ વિશ્વનું એ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અંગ જ છે ને? એ દૃષ્ટિએ પણ એનું જેટલું સન્માન કરવું ઘટે, એટલું સન્માન કરવું જરૂરી છે. સાવરણીને પણ સન્માનપૂર્વક સાચવવી જોઈએ. નાનું સરખું કામ પણ શ્રદ્ધાપૂર્વક ભગવાનની સાધનાના અંગ તરીકે ગણીને કરવું ઘટે."

૧૫

ઉપકારનું પરિણામ

એક રાજા હતો. એની પાસે બે શિકારી કૂતરા હતા. એ બંનેને સાંકળે બાંધીને એકબીજાથી દૂર બાંધવામાં આવતા હતા. પરંતુ જો કદી તેમને છૂટા મૂકવામાં આવે તો તેઓ એકબીજા ઉપર તૂટી પડતા અને એકબીજાનો જાન જોખમમાં આવી જાય એમ લડવા મંડી પડતા.

રાજા આ જોઈને બહુ વિચારમાં પડી જતો. એક વાર તેણે એક ડાહ્યા પુરુષને આ વાત કહી અને પૂછ્યું: "આ બે કૂતરાઓ વચ્ચે બનતું જ નથી. જરા છૂટા મૂકીએ તો લડવા તડૂકી ઊઠે છે. તેથી, એ બંને દોસ્તદાર બની જાય અને સંપીને એકબીજા સાથે રહે, એ માટે શો ઉપાય લેવો જોઈએ?"

પેલા ડાહ્યા પુરુષે થોડી વાર વિચાર કરીને કહ્યું: "રાજાજી, એક ઉપાય અજમાવી જુઓ. એ બંનેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલમાં લઈ જઈએ અને જ્યારે એકાદ ભયંકર વરુ તમારી નજરે ચડે, ત્યારે એમાંના એક કૂતરાને છૂટો મૂકી દેજો. પેલો કૂતરો વરુની તરફ ધસી જશે એટલે વરુ પણ એના પર હુમલો કરશે. એ બે વચ્ચેની ઝપાઝપીમાં પેલો કૂતરો જ્યારે થાકીને લોથપોથ થઈ જાય અને તેને પોતાના જીવનું જોખમ જેવું લાગે, તે વેળાએ બીજા કૂતરાને છૂટો મૂકી દેજો. એટલે બીજો કૂતરો પેલા વરુ પર તૂટી પડશે. આ જોઈને પેલા પહેલા કૂતરાને આવી અણધારી મદદ મળી જતાં હિંમત આવશે. પછી એ બંને કૂતરા પેલા વરુને માત કરવામાં પૂરતા થઈ પડશે. એ બાદ શું થાય છે એ જોજો.''

એ પ્રમાણે કરવા માટે રાજા એ બંને કૂતરાને લઈને જંગલમાં ગયો. ત્યાં એક વરુ દેખાયો કે તરત જ એક કૂતરાને તેણે છૂટો મૂકી દીધો. કૂતરો પેલા વરુ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂટી પડ્યો. પણ વરુ આગળ એનું કંઈ ચાલ્યું નહીં, એટલે જીવ બચાવવા શું કરવું એ તેને સમજાયું નહીં. તે જ વેળાએ રાજાએ બીજા કૂતરાને છૂટો કર્યો. બીજો કૂતરો વરુ પર તૂટી પાડ્યો. આ જોઈને પહેલા કૂતરામાં પણ પાછી હિંમત આવી. પછી બંને કૂતરાઓએ મળીને પેલા વરુને પૂરો કર્યો.

હવે બન્યું એવું કે, બીજા કૂતરાએ પહેલા કૂતરાને અણીને વખતે મદદ કરેલી હોવાથી પહેલો કૂતરો બીજા કૂતરા તરફ્ ઉપકારની નજરે જોવા લાગ્યો. બીજો કૂતરો પણ એનું એવું પ્રેમભર્યું વર્તન જોઈને એની સાથે મિત્ર-ભાવે વર્તવા લાગ્યો અને પછી તો તેઓ બંને જિગરજાન દોસ્ત જ બની ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

નિર્ભેપતા

શ્રીમદ્ રાજચંદ્ર આ યુગના એક મહાત્મા પુરુષ તરીકે જાણીતા છે. શ્રીમદ્ રાજચંદ્રની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ જોઈને ઘણા જૈન સાધુઓ પણ તેમનો સત્સંગ કરવા આવતા.

એક વાર શ્રી દેવકરણજી નામના એક જૈન સાધુ એમની પાસે આવ્યા. તે કુશળ વ્યાખ્યાનકાર હતા. શ્રી રાજચંદ્રે તેમને પૂછ્યું: "વ્યાખ્યાનમાં કેટલાં માણસો આવે છે?"

દેવકરણજી — "હજારેક માણસો ભરાય છે."

શ્રીમદ્ — "સ્ત્રીઓને વ્યાખ્યાનમાં દેખી વિકાર થાય છે?"

દેવકરણજી — "કાયાથી નથી થતો, મનથી થાય છે."

શ્રીમદ્ — "મુનિએ તો મન, વચન અને કાયા એ ત્રણેને યોગથી સાચવવાં જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ રાજચંદ્રનાં આવાં બોધવચનો સાંભળીને દેવકરણજીએ કહ્યું : "તમે ગાદીતકિયે બેસો છો અને હીરામાણેક તમારી પાસે પડેલાં હોય છે, તેથી તમારી વૃત્તિ નથી ડહોળાતી?"

શ્રીમદ્ બોલ્યા : "મુનિ, અમે તો કાળકૂટ વિષ દેખીએ છીએ!"

પછી થોડી વાર થોભીને તેમણે પૂછ્યું : "તમે કોણ છો?"

દેવકરણજી — "જેટલો વખત વૃત્તિ સ્થિર રહે છે, તેટલો વખત સાધુ છીએ."

શ્રીમદ્ — "તેવી રીતે સંસારીને પણ સાધુ કહેવાય કે નહીં?"

શ્રી દેવકરણજી મૌન રહ્યા.

પછી શ્રીમદ્ બોલ્યા : "નાળિયેરનો ગોટો જેમ જુદો રહે છે, તેમ અમે રહીએ છીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

ઉપકારનો બદલો

એક વાર એક ખેડૂત ઘોડા ઉપર અનાજની ગૂણ લાદીને દળાવવા લઈ જતો હતો. એવામાં રસ્તે ગૂણ ગબડી પડી.

ખેડૂતે ગૂણ ચડાવવા બહુ પ્રયત્ન કર્યો. પણ ગૂણ બહુ ભારે હોવાથી તે એમાં ફાવ્યો નહીં. જો કોઈની થોડીક મદદ મળી જાય તો ગૂણ ચડાવતાં વાર ન લાગે. પણ એ રસ્તે કોઈ આવતું જણાયું જ નહીં.

થોડી વાર પછી દૂરથી એક ઘોડેસવાર આવતો દેખાયો. ખેડૂતને થયું કે, ચાલો, એ ભાઈને જરા હાથ આપવા વિનંતી કરીશ.

પણ જ્યારે ઘોડેસવાર પાસે આવ્યો, ત્યારે એને જોઈને ખેડૂત હતાશ થઈ ગયો. કારણ કે તે તો એના ગામના નગરશેઠ હતા! એવા મોટા માણસ પાસે આવી મદદ શી રીતે માગી શકાય?

પરંતુ નગરશેઠ માયાળુ હતા. તેમણે ખેડૂતની મૂંઝવણ તરત જ પામી લીધી. એટલે તે હસતા હસતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની પાસે ગયા અને બોલ્યા : "તારે આ ગૂણ ચડાવવી છે ખરું ને? ચાલો, આપણે બંને મળીને ચડાવી દઈએ."

ખેડૂત તો એ સાંભળી નવાઈ પામ્યો. પણ નગરશેઠે તો ગૂણ ઉપાડવા માંડી, એટલે તે પણ પોતાના મનની

સ્થિતિનો ખ્યાલ કર્યા વિના ગૂણ ચડાવવા લાગી ગયો અને થોડી વારમાં ગૂણ ઘોડા પર મુકાઈ પણ ગઈ.

ખેડૂત ભલા નગરશેઠનો આભાર માનતો બોલ્યો : "શેઠસાહેબ, આપનો હું ખૂબ જ આભાર માનું છું. આપના આ ઉપકારનો બદલો મારા જેવો ગરીબ માણસ શી રીતે વાળી શકશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરશેઠે હસતાં હસતાં કહ્યું : "અરે ભલા માણસ, એ તો બહુ જ સહેલું છે. જ્યારે તું કોઈ બીજા માણસને મુશ્કેલીમાં આવી પડેલો જુએ, ત્યારે તેને મદદ કરવાનું ચૂકતો નહીં. એ રીતે મને મારા ઉપકારનો બદલો મળી રહેશે."

૧૮

પુત્રને શિખામણ

ઈંગ્લેંડના જાણીતા વડા પ્રધાન ગ્લેડ્સ્ટને પોતાના પુત્રને એક વાર પત્ર લખ્યો હતો, એ મનનીય છે :—

"સ્વાશ્રય કેળવજે. જે તું જાતે મેળવી શકે એમ હોય, તેને માટે બીજા ઉપર આધાર રાખીશ નહીં. તારી જરૂરિયાતો બને તેટલી ઓછી રાખજે. કારણ કે પુરુષાર્થ, સાચી સમૃદ્ધિ અને સુખની ચાવી એમાં જ રહેલી છે. જેમ જેમ આપણે આપણી જરૂરિયાતો વધારતા જઈએ છીએ, તેમ તેમ આપણે કાયર, પરાવલંબી અને સ્વાર્થી બનતા જઈએ છીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

વિવેકપૂર્ણ વર્તન

એક વાર શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં રાતે ચોર આવ્યા. શ્રી રમણ મહર્ષિને એની જાણ થતાં તેમણે ચોરોને કહ્યું કે, 'તમે ખુશીથી અંદર આવો અને તમને જે ગમે તે લઈ જાઓ.' એમ કહીને તેઓ પોતાના અંતેવાસીઓની સાથે બહાર નીકળી ગયા.

પરંતુ ચોરોએ એ સૌ પર ધાક બેસાડવા દરેકને લાકડીનો એક એક ફટકો માર્યો. શ્રી રમણ મહર્ષિને પણ એ ચોરોએ છોડ્યા નહીં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રમણ મહર્ષિ વગેરે પછી દૂર આવેલી એક ઝૂંપડીમાં ગયા.

આ વેળાએ આશ્રમના એક ભાઈ બહાર ગયા હતા, એ થોડી વાર પછી આવ્યા. તેમને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તે પાસે પડેલા લોખંડનો સળિયો લઈ ચોરોને મારવા જવા તૈયાર થયા.

આ જોઈને શ્રી રમણ મહર્ષિ શાંત અવાજે બોલ્યા : "આપણે ખાતા હોઈએ ત્યારે કોઈ વાર આપણી જીભ દાંત વચ્ચે કચરાઈ જાય છે; તે વખતે શું આપણે ગુસ્સે થઈને દાંતને તોડી પાડીએ છીએ? નહીં; આપણે ત્યાર પછી સંભાળીને ખાઈએ છીએ અને ફરી વાર જીભ દાંત નીચે કચરાય નહીં એની કાળજી રાખીએ છીએ.

"ચોરો આપણા ભાઈઓ જ છે. જેવી રીતે જીભ અને દાંતનો સુમેળ જાળવીને આપણે ખાઈએ છીએ, તેવી જ રીતે આપણે અને ચોરોનો સુમેળ જાળવીને આપણે સમાજમાં રહેવાનું છે. જેમ આપણે દાંત પાડી નાખતા નથી, તેમ ચોરોને પણ આપણે મારી નાખવાના નથી કે સમાજમાંથી હાંકી કાઢવાના નથી.

"ચોરો તો અણસમજુ છે અને તેઓ પોતાની સમજ મુજબ પોતાનું કામ કરે છે; પણ આપણે આપણો ધર્મ યથાર્થપણે બજાવવો જ જોઈએ. આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો ધર્મ ન છોડીએ, પણ તેનું યથાવત્ પાલન કરતા રહીએ, તો ચોરો પણ આપણું સદ્વર્તન જોઈને કોઈ દિવસ સુધરીને સન્માર્ગે ચાલવા લાગશે."

૨૦

નિરાધારનો આધાર



ગ્રીસ દેશમાં સૉક્રેટીસ નામના બહુ મોટા ફિલસૂફ થઈ ગયા. એક વાર સૉક્રેટીસનો એક મિત્ર કેટલાક દિવસથી દિલગીર રહેતો હતો. એ જોઈ સૉક્રેટીસે તેને પૂછ્યું. "તારા ઉપર એવું તે કયું દુઃખ આવી પડ્યું છે કે તું આટલો બધો ઉદાસીન રહે છે?"

પેલો મિત્ર બોલ્યો: "અમારા કુટુંબની ચૌદ નિરાધાર સ્ત્રીઓને નભાવવાનું મારે માથે આવી પડ્યું છે. પ્લેગમાં તેઓ નિરાધાર થઈ ગઈ છે. મારી એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ નથી કે, એ સૌનું ભરણપોષણ હું લાંબા વખત સુધી કરી શકું. એ અંગેની ચિંતા મને ખૂબ સતાવે છે. બોલો, મારે હવે શું કરવું?"

સૉક્રેટીસે તરત જ જવાબ આપ્યો : "અરે, એમાં શું મૂંઝાવાનું છે? એ સૌને સીવવાના, ગૂંથવાના, ભરવાના કામે વળગાડો ને?"

પેલો મિત્ર તો આભો જ બની ગયો. આવા મોટા કુળની સ્ત્રીઓને આવું કામ શી રીતે અપાય?

સૉક્રેટીસ એની મૂંઝવણ સમજી જઈ બોલ્યા : "ગભરાવાનું એમાં કારણ નથી. મારે મન એ જ સારામાં સારો ઉપાય છે. એ સૌનું ભરણપોષણ થઈ શકે એટલું તેઓ રળશે એટલું જ નહીં, પણ તેઓની શક્તિ અને સમયનો સદુપયોગ થશે. વળી બીજો લાભ એ થશે કે, નવરા બેસવાને લીધે જ કૂથલી, ઈર્ષા અને નિરાશા ફેલાય છે, તેમાંથી તેઓ બચી જશે."

પેલા મિત્રે સૉક્રેટીસના કહેવા પ્રમાણે કર્યું અને એનું સારું પરિણામ આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

મોટા માણસનું જીવન



જ્યૉર્જ વૉશિંગ્ટનનું નામ આખી દુનિયામાં જાણીતું છે. એમની નેતાગીરી હેઠળ અમેરિકા દેશે આઝાદી હાંસલ કરી હતી.

અમેરિકા દેશ તે વખતે ખૂબ કટોકટીમાંથી પસાર થતો હતો. એ વેળા દેશના મુખ્ય નેતા વૉશિંગ્ટનને ઘડીની પણ નવરાશ રહેતી ન હતી. ઘેર પણ તેમને નિરાંતે ખાવા જેટલો સમય ભાગ્યે જ મળતો. કોઈ ને કોઈ વ્યક્તિ આવીને તેમની સાથે મંત્રણા કરતી જ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે જ જ્યૉર્જ વૉશિંગ્ટને પોતાની નોંધપોથીમાં એક વાર લખ્યું હતું :—

"આજે વીસ વર્ષ પછી પહેલી વાર મારી પત્ની સાથે એકાંતમાં ભોજન લઈ શક્યો."

૨૨

જીવનનું ખમીર

બીજા વિશ્વયુદ્ધ પછી પશ્ચિમ જર્મનીમાં પૂર્વ જર્મની વગેરે સ્થળોથી જર્મન લોકો આવીને વસવા લાગ્યા. તેઓ ઘરબાર વિનાના હતા. એટલે એ અંગેની વ્યવસ્થા કરવાનું કામ ઘણું મહત્ત્વનું થઈ પડ્યું હતું.

એ વ્યવસ્થાપકોમાં મિડલમેન નામના એક સદ્‌ગૃહસ્થ પણ છે.

મિડલમેન એક વાર વસાહતીઓમાં ફરતા ફરતા એક ઘરડી બાઈની નાનકડી ઝૂંપડી પાસે જઈ ચડ્યા.

ઝૂંપડીમાં દેવદારનાં બે ખોખાં સિવાય બીજું રાચ-રચીલું ન હતું. એક ખોખા પર એક પ્યાલામાં રંગબેરંગી ફૂલો ગોઠવેલાં હતાં.

મિડલમેને એ ઘરડી બાઈ ને બધી વાત પૂછી, તો જણાયું કે, એ બાઈ પાસે એક વેળાએ ૬૦૦ એકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
જટલી જમીન ખેડવા માટે હતી. ઘર ડઝન ઉપરાંત માણસોથી ગાજતું હતું. પરંતુ યુદ્ધમાં કુટુંબ તારાજ થઈ ગયું. એનો પતિ અને છએક છોકરા યુદ્ધમાં ભરખાઈ ગયા. હવે આ ઝૂંપડીમાં બે છોકરા અને બે છોકરીઓ સાથે ડોસીમા રહેતાં હતાં. ચારેય છોકરાં કચાંક ને કચાંક કામે લાગી ગયાં હતાં.

ડોસીમાની કરુણ કથા સાંભળીને મિડલમેનનું હૈયું ભરાઈ આવ્યું. તેમણે કહ્યું: "માજી, તમારે માટે હું બનતું કરવા તૈયાર છું. તમે મને ખુશીથી તમારી ઇચ્છા જણાવો."

ડોસીમા આથી રાજી થયાં અને મોં મલકાવી બોલ્યાં: "ભાઈ, અમારે રહેવાને છાપરું છે, ખાવા પૂરતું અન્ન મળી રહે છે, અને મારાં બાળકો કામે લાગી ગયાં છે. હાલ આટલું અમારે માટે પૂરતું છે. બાકીનું અમે આપમેળે ફોડી લઈશું. તમે એની ચિંતા કરશો મા. તમારી ભલી લાગણી માટે આભારી છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

મૃત્યુંજય

જૂના વખતની આ વાત છે.

હૈહય ક્ષત્રિયોના વંશમાં પરપુરંજય નામનો એક રાજકુમાર થઈ ગયો. તે એક વાર શિકારે વનમાં ગયો. તેણે દૂર દૂર એક હરણને બેઠેલું જોયું, એટલે તેણે નિશાન તાકીને બાણ માર્યું. એ બાણ એના શિકારને વીંધવામાં બરોબર સફળ થયું.

પરપુરંજય રાજકુમાર આથી ખુશ થતો દોડતો દોડતો પેલા મરેલા હરણ પાસે આવ્યો. પરંતુ ત્યાં જતાં ચમકી ગયો. કારણ કે તે હરણ ન હતું, પણ મૃગચર્મ પહેરીને તપ કરવા બેઠેલા એક મુનિકુમાર હતા!

રાજકુમાર તો બ્રહ્મહત્યાના પાપથી ખૂબ વ્યાકુળ બની ગયો. તે ઝડપથી પોતાના નગરમાં આવ્યો અને ખૂબ દુઃખી અંતરે તેણે બધી વાત પોતાના પિતાને કહી સંભળાવી.

હૈહયનરેશ પણ આ કરુણ ઘટના વિષે સાંભળીને દુઃખ પામ્યો. તે તરત જ રાજકુમારને લઈ ને તે જગ્યાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચી ગયો. મુનિકુમારના મૃતદેહને જોઈને રાજાની આંખમાં પણ આંસુ ઊભરાઈ આવ્યાં. પોતાના પુત્રે ગફલતમાં કેવું ઘોર પાપ આચરી દીધું હતું, એ બદલ તે ખૂબ વિમાસણમાં પડી ગયો. તે દુઃખી અવાજે બોલ્યો : "કુમાર, આ બ્રહ્મહત્યાનું પાપ ટાળવું મુશ્કેલ છે. તોય આ મુનિકુમાર કોના પુત્ર કે શિષ્ય છે એની ચાલો આપણે તપાસ કરીએ."

થોડે દૂર જતાં એક આશ્રમ દેખાયો. એ આશ્રમ મહર્ષિ અરિષ્ટનેમાનો હતો. રાજા તથા રાજકુમારે મહર્ષિને પ્રણામ કર્યા અને એક બાજુએ તે બંને ઊભા રહ્યા. ઋષિએ પોતાના શિષ્યોને તેમનો સત્કાર કરવા આજ્ઞા આપી.

એ સાંભળીને રાજા બોલ્યો : "મહર્ષિ, અમે પાપી છીએ ! અમારાથી બ્રહ્મહત્યા થઈ છે, તેથી અમે આપના સત્કારને પાત્ર નથી." એમ કહીને રાજાએ ભારે દિલે બધી વાત મહર્ષિને કહી સંભળાવી.

મહર્ષિ અરિષ્ટનેમા રાજાની વાત સાંભળીને બોલ્યા : "હે રાજા, તમને અજાણતાં કરેલા પાપનો પસ્તાવો થાય છે એ હું જોઈ શકું છું. તમે એક કામ કરો. એ મુનિકુમારના મૃતદેહને અહીં લઈ આવો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે રાજા અને રાજકુમાર તે સ્થાને ઝડપથી ગયા. પરંતુ ત્યાં જુએ છે તો મુનિકુમારના શરીરનું નામનિશાન ન મળે !

આ વળી બીજી આપત્તિ આવી પડેલી જોઈને એ બંને જણ ખૂબ જ દુઃખી થયા. પોતે આવી બેદરકારી વાપરી અને મુનિકુમારના દેહનું જતન કરવાની કાળજી ન લીધી એ બદલ તેઓ વધારે પસ્તાવો કરવા લાગ્યા.

ખૂબ દુઃખી અંતઃકરણે તેઓ મહર્ષિ અરિષ્ટનેમા પાસે આવ્યા અને રડતાં રડતાં બોલ્યા : "હે મહર્ષિ, ત્યાં મુનિકુમારનો દેહ નથી ! અમે હત્યારાઓએ તેમના શરીરની કાળજી લેવામાં ભારે ગફલત કરી છે !"

બંનેને ખૂબ જ લજ્જા પામેલા અને દુઃખી જોઈને મહર્ષિએ પોતાના પુત્રને ઝૂંપડીમાંથી બહાર આવવા કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને બતાવીને મહર્ષિએ પૂછ્યું : "રાજાજી, તમારા પુત્રે જ મુનિકુમારને માર્યો હતો, એ આ જ મુનિકુમાર છે કે કોઈ બીજો?"

રાજા અને રાજકુમાર પેલા મુનિકુમારને જોઈને ખૂબ જ નવાઈ પામ્યા! તેમણે મહર્ષિને હાથ જોડીને પૂછ્યું : "ભગવાન, આ તો ભારે નવાઈની વાત કહેવાય! આ મુનિકુમાર સજીવન શી રીતે થયા? આ ઘટના આપના તપના પ્રભાવથી બની કે આ મુનિકુમારમાં રહેલી દૈવી શક્તિને લીધે બની? કૃપા કરી અમને એ સમજાવો."

મહર્ષિ અરિષ્ટનેમા હસતા હસતા બોલ્યા : "રાજાજી, મૃત્યુ અમને સ્પર્શ પણ કરી શકે એમ નથી. અમે સદા સત્યનું પાલન કરીએ છીએ. મિથ્યા વસ્તુની તરફ અમારું મન ભૂલેચૂકે પણ કદી જતું નથી. અમે હંમેશાં ધર્મ અનુસાર જ આચરણ કરીએ છીએ. તેથી અમને મૃત્યુનો ભય નથી. અમે મૃત્યુંજય છીએ. અમે સજ્જનોના સદ્‌ગુણોને જ ગ્રહણ કરીએ છીએ, કોઈના અવગુણોને જોતા જ નથી. તેથી અમને મૃત્યુનો ભય નથી. અમે અતિથિનો હંમેશાં યથાશક્તિ સત્કાર કરીએ છીએ અને જેના ભરણપોષણનો ભાર અમારા ઉપર છે તેને તૃપ્ત કરીને પછી જ અમે ભોજન કરીએ છીએ. તેથી મૃત્યુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા ઉપર પોતાનું જોર અજમાવી શકતું નથી. અમે શાંત, જિતેન્દ્રિય અને ક્ષમાશીલ છીએ. તેથી અમને મૃત્યુનો ભય નથી."

મહર્ષિ અરિષ્ટનેમિની વાત સાંભળીને હૈહય નરેશ અને રાજકુમાર બંને મહર્ષિ તથા મુનિકુમારને અહોભાવથી જોઈ રહ્યા. પછી બંનેને નમન કરીને તેઓ પાછા ફર્યા.

૨૪

જીવનનો અંતિમ અંજામ

સ્પેનના રાજા બીજા ફિલિપે પોતાના જીવનના અંતિમ દિવસોમાં મરણપથારીએ પડ્યા પડ્યા એક મહિના સુધી ભૂખ યાતના ભોગવી હતી. તેને એ દિવસો દરમિયાન જણાયું કે, જિંદગીનાં બધાં વૈભવવિલાસ, મોજશોખ છેલ્લી ઘડીએ કશા કામમાં આવે એમ નથી. પોતે રાજા હોય કે મોટો શહેનશાહ હોય; પણ અંતિમ સમયની વેદના અને પોતે કરેલાં દુષ્કૃત્યોની ત્રાસજનક યાતના ભોગવ્યા વિના એને છૂટકો નથી. દુનિયાની બધી વસ્તુઓ અહીં જ છોડીને છેવટે જવાનું છે અને આપણે જે કંઈ સારાંનરસાં કૃત્યો કર્યાં હોય એ જ સાથે લઈને જવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના પુત્રને આ વાતની સમજ આપવા સારુ છેલ્લી ઘડીએ એને પોતાની પથારી પાસે બોલાવીને ફ્રિલિપે કહ્યું હતું: "બેટા, મારી સામું જો. આ દુનિયાનાં બધાં મોજશોખનો અને સામ્રાજ્યના બધા વૈભવવિલાસનો અંતિમ અંજામ આ છે. હું આજે જ્યાં પોઢ્યો છું ત્યાં તારે પણ એક દિવસ પોઢવાનું છે."

એટલું કહીને તેણે દેહ છોડ્યો.

૨૫

જ્ઞાનની મહત્તા

એક માણસ ખૂબ ભણીગણીને એક સંતપુરુષ પાસે ગયો અને બોલ્યો: "બાબા, હવે મારે શું કરવું જોઈએ?"

સંતપુરુષ બોલ્યા: "તમારા જ્ઞાનને આચરણમાં મૂકો. એ જ તમારી સાચી ફરજ છે. જે માણસનું જ્ઞાન આચરણમાં મુકાતું નથી, એ જ્ઞાન પ્રાણ વિનાના શરીર જેવું નકામું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय,

हरिद्वार

पुस्तक लौटाने की तिथि अन्त में अङ्कित है । इस तिथि को पुस्तक न लौटाने पर दस नये पैसे प्रति पुस्तक अतिरिक्त दिनों का अर्थदण्ड आप को लगाया जायेगा ।

५०००.११.१४ ।

જેવું નકામું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મુકુલભાઈનાં અન્ય પુસ્તકો

બોધક ટીકડીઓ	૦.૭૫
શીલ અને સદાચાર	૦.૩૭
જાણવા જેવી વાતો	૦.૩૫
પચાસ પ્રેરક પ્રસંગો	૦.૬૨
મોટાં માણસોનાં મન	૦.૫૬
ચીન દેશનાં કથાનકો	૦.૬૨
ભક્તરાજ	૧.૦૦
પ્રતિભાનું પોત	૦.૩૭
માનવજીવનનું ઝવેરાત	૦.૩૭
જીવન અને મરણ	૦.૩૭
ધર્મ-સંસ્થાપકો	૦.૩૭
સંત-સમાગમ	૦.૩૭
શેખ સાદીની બોધકથાઓ	૦.૫૦
સંતોની જીવનપ્રસાદી	૦.૩૭
ભગવાન ઈશુની બોધકથાઓ	૦.૪૦
નીતિ અને વ્યવહાર	૦.૪૦
બાપુજીની વાતો–૧	૦.૪૦
નાની નાની વાતો	૦.૫૦
લોભ અને કરુણા	૧.૫૦
અવંતીનાં પરાક્રમો	૦.૩૦
સરદારશ્રીની પ્રતિભા	૦.૪૦
શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંતકથાઓ	૧.૨૫
शील और सदाचार	૦.૩૧
जानने जैसी बातें	૦.૫૦
बोधक कहानियाँ	૦.૮૫
Character and Conduct	૦.૩૭
Inspiring Anecdotes	૦.૩૭
In the Company of the Saints	૦.૪૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ–૧૪ : મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar